# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

◆ વર્ષઃ ૭ ◆ અંકઃ ૧૦ ◆ સળંગ અંકઃ ૮૨ ◆ તા.૧૯/૦૮/૨૦૨૩, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઈ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month


## CGST પ્રી.કમિશ્નર સાથે ગુજરાત સેલ્સ ટેક્ષ બાર એસો.ના હોદ્દેદારોની મહત્વની મીટીંગ




ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશનના પ્રતિનિધિ મંડળ દ્વારા સેન્ટ્રલ જી.એસ.ટી. પ્રિન્સીપાલ કમિશ્નર બી.વી. સિવા નાગા કુમારી ની મુલાકાત લેવામાં આવી. કરદાતાઓ તથા ટેક્સ પ્રેકટિશનર્સના પ્રશ્નો અંગે થઈ ચર્ચા. જી.એસ.ટી. સરળ બનાવવા સાતત્યપૂર્ણ રીતે મળી જી.એસ.ટી. હેઠળની તકલીફો દૂર કરવા પ્રિન્સીપાલ કમિશ્નરનું આશ્વાસન.

# કરદાતાઓ માટે માઠા સમાચારઃ જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ માંગવામાં આવેલ ઈનપુટ ટેક્સ ક્રેડિટ થશે નામંજૂર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ

## આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ દ્વારા જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪)ને ગણાવી બંધારણની દ્રષ્ટિએ વૈધ

તા. ૨૭.૦૭.૨૦૨૩: જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪) હેઠળ કોઈ પણ નાણાકીય વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પછીના વર્ષના ૩૦ નવેમ્બર સુધી ભરવામાં આવતા જી.એસ.ટી.આર. 3B દ્વારા માંગી શકાય છે. આ મુદતમાં સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારા પહેલા કોઈ પણ નાણાકીય વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પછીના વર્ષના સપ્ટેમ્બર મહિનાના રિટર્ન ભરવા સુધીમાં માંગવાની રહેતી હતી. જી.એસ.ટી. કાયદાની આ જોગવાઈની બંધારણીય વૈધતાને ગુજરાત હાઈકોર્ટ સહિત દેશની ઘણી હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. આ અંગેના કેસો વિવિધ હાઈકોર્ટમાં ચાલુ છે.

આવા સમયે આ પ્રકારના એક કેસમાં આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ દ્વારા કરદાતાની વિરુદ્ધનો ચુકાદો આપવામાં આવ્યો છે. થિરૂલાકોંડા પ્લાયવૂડ વી. આસી. કમિશ્નર સ્ટેટ ટેક્સ, રીટ પિટિશન ૨૪૨૩૫/૨૦૨૨ ના કેસમાં ચુકાદો આપતા હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું છે કે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪) બંધારણીય રીતે યોગ્ય છે. કરદાતા દ્વારા કોર્ટ પાસે એવી પણ દાદ માંગવામાં આવેલ છે કે જી.એસ.ટી. કાયદા હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની પ્રાથમિક શરતો જે કલમ ૧૬(૨)માં છે તે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪) થી ઉપરવટ ગણાય અને કરદાતા દ્વારા જ્યારે ૧૬(૨)ની પ્રાથમિક શરતો પૂર્ણ કરેલ હોય ત્યારે ૧૬(૪)ની સમયમર્યાદાનો બાધ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં અસર કરે નહીં. આ બાબતે ચુકાદો આપતા હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૨) અને કલમ ૧૬(૪)એ એકબીજા સાથે વાંચવી જરૂરી છે અને કલમ ૧૬(૨)એ કલમ ૧૬(૪)થી ઉપરવટ છે તેમ ગણી શકાય નહીં. કરદાતાએ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૨)ની શરતો તો પૂર્ણ કરવી રહે જ પરંતુ ૧૬(૪)ની સમયમર્યાદા પણ જાળવવી પડે. કરદાતા દ્વારા વધુમાં એવી પણ દલીલ કરવામાં આવી હતી કે જ્યારે જી.એસ.ટી. હેઠળના રિટર્ન લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવ્યા હોય ત્યારે કલમ ૧૬(૪)ની મર્યાદા દૂર થઈ હોવાનું ગણવું જોઈએ. આ બાબતે પણ કરદાતા વિરુદ્ધ ઠરાવતા આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે લેઈટ ફી એ અલગ બાબત છે. આ લેઈટ ફી ભરવાથી સમયમર્યાદાનો બાધ દૂર થાય નહીં.

આંધ્રપ્રદેશ હાઈકોર્ટનો આ ચુકાદો કરદાતાઓ માટે મોટી તકલીફો ઊભી કરી શકે છે. કરદાતાની નાની ચૂંક પણ કરદાતા માટે મોટી ઈન્પુટ ટેક્સ ક્રેડિટના નુકસાનમાં પરિણમી શકે છે. એવા અનેક

(અનુસંધાન ૩જા પાને...)


## હાર્દિક શુભેચ્છા...





ભાસ્કરભાઈ પટેલ
પ્રેસીડન્ટ એમીરેટ્સ

વિજયભાઈ શાહ
પ્રેસીડન્ટ

કલ્પેશભાઈ જયસ્વાલ
સેક્રેટરી

સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટસના નવનિયુક્ત હોદ્દેદારોને 'ટેક્સ ટુડે' પરિવાર તરફથી શુભેચ્છા

## હાર્દિક શુભેચ્છા...




દિલીપભાઈ ઠક્કર
પ્રેસીડન્ટ

નરેશભાઈ પરમાર
સેક્રેટરી

નોર્થ ગુજરાત ટેક્ષ પ્રેક્ટીશનર્સ એસો.ના નવનિયુક્ત હોદ્દેદારોને 'ટેક્સ ટુડે' પરિવાર તરફથી શુભેચ્છા

## હાર્દિક શુભેચ્છા...




શશાંકભાઈ મીઠાઈવાલા
પ્રેસીડન્ટ

ધવલભાઈ પટવા
સેક્રેટરી

ધ સાધર્ન ગુજરાત કોમર્શિયલ ટેક્ષ બાર એસો.ના નવનિયુક્ત હોદ્દેદારોને 'ટેક્સ ટુડે' પરિવાર તરફથી શુભેચ્છા

# જી.એસ.ટી.માં કરદાતાઓને મળી મોટી રાહતો!! આ તક ચૂકવા જેવી નથી....



By Bhavya Popat,
Advocate

**તા. ૨૦.૦૭.૨૦૨૩**

જી.એસ.ટી. કાઉન્સીલની ૫૦મી બેઠકમાં કરદાતા માટે અનેક રાહતોની જાહેરાતો કરવામાં આવી હતી. પરંતુ આપ સૌ વાંચકો જાણો છો કે જી.એસ.ટી. કાઉન્સીલની મિટિંગમાં લેવામાં આવેલ નિર્ણયો કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર માટે સૂચનો સ્વરૂપે જ હોય છે. આ અંગે અમલવારી કરવી કે ના કરવી તે બાબતે સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવતો હોય છે. તદ્દઉપરાંત એ બાબત પણ જાણવી ખૂબ જરૂરી છે કે જી.એસ.ટી. કાઉન્સીલના નિર્ણયની અમલવારી કરવાની થાય તો પણ સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નોટિફિકેશનમાં દર્શાવિલ તારીખથી જ આ નિર્ણયની અમલવારી કરવામાં આવતી હોય છે. જી.એસ.ટી. કાઉન્સીલની ૫૦મી બેઠકમાં કરવામાં આવેલ સૂચનો અંગેના નોટિફિકેશન ૧૭ જુલાઇ ૨૦૨૩ના રોજ જી.એસ.ટી. નું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમસ (CBIC) દ્વારા બહાર પાડવામાં આવ્યા છે. આ નોટિફિકેશન પૈકી મહત્વના નોટિફિકેશન અંગે આ લેખમાં માહિતી આપવામાં આવી છે.

## જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન કરદાતાઓ માટે જાહેર થઈ આ રાહતો (નોટિફિકેશન ૨૨/૨૦૨૩, તા.૧૭.૦૭.૨૦૨૩)

જી.એસ.ટી. કાઉન્સીલની ૫૦મી મિટિંગમાં કંપોઝીશન કરદાતાઓ માટે ભરવાના થતાં GSTR 4 માં ભરવાની થતી લેઇટ ફી માં રાહત આપવા જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતને અનુરૂપ નોટિફિકેશન ૩૧ માર્ચ ૨૦૨૩ના મોડી રાત્રે બહાર પાડવામાં આવ્યા હતા. નોટિફિકેશન ૦૨/૨૦૨૩, તા. ૩૧.૦૩.૨૦૨૩ મુજબ કંપોઝીન કરદાતાઓને ભરવાના થતાં NIL GSTR 4 ફોર્મ માટેની લેઇટ ફી સંપૂર્ણપણે માફ કરી આપવામાં આવી છે. જ્યારે આ સિવાયના GSTR 4 ભરવાની લેઇટ ફી મહત્તમ ૫૦૦/- રૂપિયા કરી આપવામાં આવી છે. આ ફી માં CGST 250 + SGST 250 એમ ગણવાની રહેશે. આ રાહતોનો લાભ લેવા કરદાતા એ પોતાના GSTR 4 તારીખ ૦૧ એપ્રિલ ૨૦૨૩ થી ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં ભરી આપવાના રહેશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. હવે આ મુદતમાં ફરી વધારો કરી કરદાતાઓને આ બાકી રિટર્ન ભરવા ૩૧ ઓગસ્ટ સુધી તક આપવામાં આવી છે. આ રાહતોના કારણે અનેક કંપોઝીશન કરદાતાઓને ફાયદો મળશે. ખાસ કરીને Covid 19 દરમ્યાન ઘણા GSTR 4 ભરવાના બાકી રહી ગયા હોવાના સમાચાર મળી રહે છે.

## રિટર્ન ના ભરવાના કારણે રદ્દ થયેલ નોંધણી દાખલો ફરી ચાલુ કરાવવા આપવામાં આવી તક!! (નોટિફિકેશન ૨૩/૨૦૨૩, તા. ૧૭.૦૭.૨૦૨૩)

જી.એસ.ટી. હેઠળ કલમ ૨૯ હેઠળ રિટર્ન ના ભરવાના કારણે જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ થયો હોય તેવા કરદાતા માટે મહત્વની રાહત જાહેર કરવામાં આવી છે. ૩૧.૧૨.૨૦૨૨ સુધી આ પ્રકારે રદ્દ થયેલ નોંધણી દાખલો કરદાતા ફરી પુનઃજીવિત કરી શકશે તે અંગેનું નોટિફિકેશન ૦૩/૨૦૨૩, તા.૩૧.૦૩.૨૦૨૩ બહાર પાડી આ રાહતો આપવામાં આવી હતી. કરદાતા કે જેઓનો નોંધણી દાખલો રદ્દ થઈ ગયેલ છે અને તેઓ આ નોંધણી દાખલો પુનઃજીવિત કરવા સમયસર અરજી કરી શક્યા નથી તેઓ ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં નોંધણી દાખલો પુનઃજીવિત કરવા અરજી કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. આ અરજી કરવાની મુદતમાં વધારો કરી તેને ૩૧ ઓગસ્ટ કરી આપવામાં આવી છે. આ અરજી કરતાં પહેલા કરદાતાએ પોતાના નોંધણી નંબર રદ્દ થયો છે ત્યાં સુધીના બાકી રિટર્ન લેઇટ ફી અને વ્યાજ સાથે ભરી આપવાના રહેશે. એવા કરદાતાઓ કે જેઓ એ અગાઉ રિવોકેશનની અરજી કે અપીલ કરેલ હોય અને તે સમયમર્યાદાના કારણે રદ્દ થયેલ હોય તેવા કરદાતાઓ પણ આ યોજનાનો લાભ લઈ શકશે. જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ થયાના કારણે તકલીફ ભોગવતા કરદાતાઓ માટે આ મોટા રાહતના સમાચાર છે. આ પ્રકારે નોંધણી દાખલો રદ્દ થયો હોય અને પોતાનો જી.એસ.ટી. નંબર ફરી ચાલુ કરાવવા માટે સરકાર દ્વારા આપવામાં આવેલ આ તકને છેલ્લી તક ગણી શકાય.

## રિટર્નના ભરવાના કારણે અધિકારી દ્વારા એકતરફી પસાર કરવામાં આવેલ આદેશ પાછા ખેચવામાં આવશે (નોટિફિકેશન ૨૪/૨૦૨૩)

જી.એસ.ટી. કાયદા હેઠળ કરદાતા દ્વારા રિટર્ન ભરવામાં ચૂક કરવામાં આવે તેવા સંજોગોમાં નોટિસ આપવામાં આવે છે. આ નોટિસમાં આપવામાં આવેલ સમયમર્યાદામાં કરદાતા દ્વારા જો રિટર્ન ભરવામાં ના આવે તો અધિકારી દ્વારા 'બેસ્ટ એસેસમેંટ ઓર્ડર' પસાર કરવામાં આવતા હોય છે. કરદાતા દ્વારા આ આદેશ મળ્યાના ૧ મહિનામાં રિટર્ન ભરી આપવામાં આવે તો આ પસાર કરવામાં આવેલ આકારણી આદેશ રદ્દ થઈ જતાં હોય છે. પરંતુ એવા ઘણા કિસ્સા છે જ્યાં આ પ્રકારે અધિકારી દ્વારા આદેશ પસાર કરવામાં આવ્યો હોવા છતાં કરદાતા દ્વારા રિટર્ન ભરવામાં આવેલ નથી. આવા કિસ્સામાં કરદાતા દ્વારા ૩૦ જૂન ૨૦૨૩ સુધી રિટર્ન ભરી આપવામાં આવે તેવી છૂટ નોટિફિકેશન ૬/૨૦૨૩, ૩૧.૦૩.૨૦૨૩ દ્વારા આપવામાં આવેલ હતી. આ ૩૦ જૂન સુધીની મુદતમાં વધારો નોટિફિકેશન ૨૪/૨૦૨૩, તા. ૧૭.૦૭.૨૦૨૩ થી હવે ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ કરી આપવામાં આવી છે. આમ, આ પ્રકારે આકારણી આદેશ પસાર થઈ ગયા હોય તેવા કિસ્સામાં કરદાતા દ્વારા વિના ચૂક કર્યે આકારણી રિટર્ન ભરી મોટી જવાબદારીમાંથી બચવું જરૂરી બની જાય છે.

## જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સિવાયના કરદાતાઓ માટે વાર્ષિક રિટર્ન ભરવાની લેઇટ ફી માં આપવામાં આવી રાહત (નોટિફિકેશન ૨૫/૨૦૨૩)

જી.એસ.ટી કાયદા હેઠળ ૨ કરોડ ઉપરનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે પોતાનું વાર્ષિક રિટર્ન GSTR 9 માં ભરવું ફરજિયાત છે. કરદાતાઓના જૂના બાકી GSTR 9 એટ્લે કે વાર્ષિક રિટર્ન માટે લેઇટ ફી માં મોટી રાહતો આપવામાં આવી છે. નોટિફિકેશ ૭/ ૨૦૨૩, તા. ૩૧.૩.૨૦૨૩ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮થી માંડી નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ સુધીના કોઈ પણ બાકી GSTR 9 કરદાતાને ભરવાના બાકી હોય તો આ રિટર્ન માટેની મહત્તમ લેઇટ ફી ૨૦૦૦૦/- કરી આપવામાં આવી છે. મોટા કરદાતાઓ માટે આ પણ એક મોટી રાહત છે જ્યારે નાના કરદાતા માટે જૂના વાર્ષિક રિટર્ન ભરવામાં કોઈ વિશેષ લાભ આપવામાં આવ્યો નથી. જો કે કરદાતાઓએ આ જૂના રિટર્ન માટે આ નોટિફીકેશન નો ફાયદો લેવા પોતાના બાકી રિટર્ન ૦૧ એપ્રિલ ૨૦૨૩ થી માંડી ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં ભરી આપવાના રહેતા હતા. હવે આ નોટિફિકેશન ૨૫/૨૦૨૩, તા. ૧૭.૦૭.૨૦૨૩ દ્વારા આ રિટર્ન ભરવાની મુદતમાં વધારો કરી ૩૧ ઓગસ્ટ કરી આપવામાં આવી છે.

## જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ કરાવવા સમયે ભરવાના થતાં GSTR 10 ફોર્મની લેઇટ ફી માં મોટી રાહત (નોટિફિકેશન ૨૬/૨૦૨૩)

જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ સિવાયના કોઈ પણ કરદાતા પોતાનો જી.એસ.ટી. નંબર રદ્દ કરાવે અથવા તો જી.એસ.ટી. અધિકારી દ્વારા કરદાતાનો નોંધણી દાખલો રદ્દ કરી આપવામાં આવે ત્યારે કરદાતા દ્વારા પોતાના સ્ટોકની વિગતો આપતું ફોર્મ GSTR 10 માં ભરવાનું રહે છે. આ ફોર્મ ઘણા કરદાતાઓ ભરવાનું ચૂકી ગયા હતા. આ કારણે તેઓ ૧૦૦૦૦ જેવી માતબર લેઇટ ફી ભરવા જવાબદાર બની જતાં હતા. NIL ડેટા સાથેના આ ફોર્મ ભરવા ઉપર પણ ૧૦૦૦૦ જેવી લેઇટ ફી લાગુ પડતી હતી. આ અંગે નોટિફિકેશન ૦૮/૨૦૨૩, તા. ૩૧.૦૩.૨૦૨૩ દ્વારા રાહતો આપી કરદાતાને આ બાકી ફોર્મ ભરવાની લેઇટ ફી મહત્તમ ૧૦૦૦/- કરી આપવામાં આવી છે. જો કે કરદાતાઓએ આ જૂના રિટર્ન માટે આ નોટિફીકેશનનો ફાયદો લેવા પોતાના બાકી રિટર્ન ૦૧ એપ્રિલ ૨૦૨૩ થી માંડી ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં ભરી આપવાના રહેતા હતા. હવે નોટિફિકેશન ૨૬/૨૦૨૩, તા. ૧૭.૦૭.૨૦૨૩ દ્વારા આ રિટર્ન ભરવાની મુદતમાં વધારો કરી ૩૦ જૂન ના સ્થાને ૩૧ ઓગસ્ટ સુધી કરી આપવામાં આવી છે.

કરદાતાઓને જી.એસ.ટી. કાઉન્સીલની મિટિંગના અનુસંધાને ખૂબ મોટી રાહતો આપવામાં આવેલ હતી. આ રાહતોનો લાભ મેળવવા કરદાતાઓ દ્વારા ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં પોતાના રિટર્ન ભરી આપવાના કે અરજી કરી આપવાની રહેતી હતી. આમ છતાં ઘણા મોટા પ્રમાણમાં કરદાતાઓ આ લાભ લેવાનો ચૂકી ગયા હતા. આવા કરદાતાઓને ફરી તક આપવા જી.એસ.ટી. કાઉન્સીલ દ્વારા ભલામણ કરવામાં આવેલ હતી. આ ભલામણને અનુસરી કરદાતાઓ માટે ફરી એક તક આપવામાં આવેલ છે. હવે આવી ચૂક કરનાર કરદાતાઓ આ ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ સુધીની મુદતનો લાભ ચોક્કસ લે તે ખૂબ જરૂરી છે.

# ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટસ અને ટેક્ષેશન પ્રેક્ટિશનર એસોસિએશન પંચમહાલ-ગોધરાના સંયુક્ત ઉપક્રમે ટેક્ષેશન ઉપર સેમિનાર યોજાયો







આ સેમિનાર ફેડરેશન હોલ ગોધરા ખાતે એજીએફટીસી પ્રમુખ સીએ રવી શાહ, ટીપીએ ગોધરા પ્રમુખ સીએ વિમલ પરીખ, સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ ડૉ સીએ વિશ્વેશ શાહ, વાઇસ પ્રેસિડેન્ટ સુનિલભાઈ શાહ એજીએફટીસી મંત્રી શ્રીધર શાહ, ટીપીએ ગોધરા મંત્રી સુનિલભાઈ શાહ, વક્તાશ્રી સીએ મેહુલભાઈ ઠક્કર, સીએ અમરીન અલવાની ના વરદ હસ્તે ઉદઘાટિત કરેલ હતું. ઇન્કમટેક્સ વિષય પર વક્તા શ્રી સીએ મેહુલભાઈ ઠક્કર અને જીએસટી વિષય પર સીએ અમરીન અલવાની એ ઉમદા અને રસપ્રદ વક્તવ્ય આપી સૌ ઉપસ્થિત શ્રોતાઓને જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. એજીએફટીસી ના ટ્રેઝરર એડવોકેટ મૌલિન શાહ, સીએ કેતન શાહ, સીએ પરાગ રાવલ આમ બંને એસોસિએશનના કારોબારી સભ્યો, જનરલ સભ્યો, અમદાવાદ, નડિયાદ, ગોધરા, પંચમહાલના ટેક્ષ વ્યવસાયિઓ મોટી સંખ્યામાં જોડાઈને આ સેમિનારને સફળ બનાવેલ.

**અમિત સોની,**
**ટેક્સ ટુડે પ્રતિનિધિ**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# GSTR-2A અને GSTR-3Bની ITCમાં તફાવત માટે જાહેર થયેલ સરક્યુલર નંબર ૧૮૩/૧૫/૨૦૨૨ અને ૧૯૩/૦૫/૨૦૨૩ની સરળ ભાષામાં સમજુતી


By Prashant Makwana

**પ્રસ્તાવનાઃ**

૦૧/૦૭/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૨૧ના સમય માટે GSTR-2A અને GSTR-3Bની ITCના તફાવતને કારણે રીટર્ન સ્ક્રુટીની આવતી હોઈ છે અથવા નોટીસ આવતી હોઈ છે. GSTR-2Aમાં બીલ બતાવતું હોય તો જ ITC મળે તેવું નથી પરંતુ GST કાયદા અંતર્ગતની કલમ ૧૬ની બધી જ કન્ડીસન અનુસરેલી હોવી જોઈએ. GSTના શરૂઆતના સમયમાં ઘણા બધા કારણોના લીધે GSTR-2Aમાં બીલ બતાવતા નહોતા તેથી GSTR-2Aમાં બીલનો બતાવતું હોય તો પણ તેની ITC કેવી રીતે ક્લેમ કરવી તેના માટે સર્ક્યુલર નંબર ૧૮૩/૧૫/૨૦૨૨ અને સર્ક્યુલર નંબર ૧૯૩/૦૫/૨૦૨૩ જાહેર કરવામાં આવ્યો છે તેની સરળ ભાષામાં સમજુતી આ આર્ટીકલમાં આપવામાં આવી છે.

**સરક્યુલર નંબર ૧૮૩/૧૫/૨૦૨૨**

GSTR-2Aમાં બિલ ન બતાવતું હોય તેના ૪ કારણો સરકયુંલરમાં બતાવવામાં આવ્યા છે.

આપણે જેની પાસેથી ખરીદી કરી છે તેને સમયસર GSTR-3B ફાઇલ કર્યું હોય પરંતુ GSTR-1 ફાઇલ કરવાનું રહી ગયું હોય તેના કારણે માલ કે સેવા રિસીવ કરે છે તેના GSTR-2Aમાં બિલ બતાવતું ન હોય.

સપ્લાયરે GSTR-1 અને GSTR-3B બંને ફાઇલ કર્યા છે, પરંતુ પર્ટીક્યુલર ૧ બિલ GSTR-1માં દર્શાવવાનુ રહી ગયું છે તો પણ માલ કે સેવા રિસીવ કરે છે તેના GSTR-2Aમાં બિલ બતાવતું ન હોય.

GSTમાં રજીસ્ટર વ્યક્તિને વેચાણ કરવામાં આવ્યું હોય ત્યારે સપ્લાયર દ્વારા Rule-46 મુજબ GST નંબર વાળું ઇન્વોઇસ ઇસ્યુ કરેલ હોય પરંતુ સપ્લાયર દ્વારા તે બિલ ભૂલથી B2Cમાં દર્શાવાય ગયુ હોય.

સપ્લાયર દ્વારા GSTR-1 અને GSTR-3B બંને ફાઇલ કરવામાં આવ્યું છે પરંતુ GSTR-1માં ભૂલથી ખોટો GST નંબર એન્ટર થય ગયો છે.

GSTR-2A અને GSTR-3B ITC ક્લેમ કરેલ છે તેનો તફાવત ઉપરના ૪ કારણોનો હિસાબે હશે તો.

GST ઓફિસર સૌપ્રથમ જેટલી ITC 2A કરતાં વધારે ક્લેમ કરેલ છે તેના ઇન્વોઇસ મંગાવશે અને સેકશન-૧૬ની કંડિસન છે ITC ક્લેમ કરવાની તે પૂરી થય છે કે નહીં તે ચકાશશે.

**સેક્સન-૧૬ની કંડિસન નીચે મુજબ છેઃ-**

- ટેક્ષ ઇન્વોઇસ હોવું જોઈએ.
- રિસિવરે ખરેખર માલ કે સેવા મેળવી લીધેલ હોય
- રિસીવર દ્વારા સપ્લાયરને માલ કે સેવા અને ટેક્ષનું પેમેન્ટ કરેલું હોવું જોઈએ
- આ ઉપરાંત ટેક્ષ ઓફિસર એ પણ તપાસશે કે, Inpute Tax Creditનું રિવરસલ કરવાનું હોય તો તે થયું છે કે કેમ અને ઈનપુટ ટેક્ષ ક્રેડિટ ક્લેમ કરવાની સમય મર્યાદા સેક્સન-૧૬(૪) મુજબ છે તે સમય મર્યાદામાં તે ITC ક્લેમ કરેલ છે કે કેમ.
- તદઉપરાંત ઓફિસર સેક્સન-૧૬ મુજબ ખરેખર ટેક્ષ ભરાય ગયો છે કે કેમ અને ખરેખર સપ્લાયર દ્વારા માલ કે સેવાની સપ્લાય કરી છે કે કેમ તે જોવા માટે નીચેની પ્રોસેસ ફોલો કરશે.
- રજીસ્ટર પર્સન એટલે કે રિસીરે GSTR-2Aમાં જે ITC અવેલેબલ છે તેના કરતાં GSTR -3Bમાં ૫ લાખથી વધારે ITC ક્લેમ કરેલ હોય તો
- સપ્લાયર સર્ટીફીકેટ રજૂ કરશે તેના ચાર્ટડ એકાઉન્ટન્ટ (C.A.) અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ (C.M.A.) ઇસ્યુ કરશે તે જેમાં C.A. અથવા C.M.A. સર્ટીફાય કરશે કે સપ્લાયરે રિસીવરને ખરેખર માલ કે સેવા સપ્લાય કરી છે અને તેનો ટેક્ષ GSTR -3B દ્વારા સરકારમાં ભરાય ગયેલ છે
- C. અથવા C.M.A. જે સર્ટિફિકેટ ઇસ્યુ કરે તેમાં UIDIN મેન્સન કરેલો હોવો ફરજિયાત છે જેથી કરીને તે C.A. અથવા C.M.A.ની વેબસાઇટ પર ક્રોસ ચેક કરી શકાય.
- રજીસ્ટર પર્સન એટલે કે રિસીવરે GSTR-2Aમાં જે ITC અવેલેબલ છે તેના કરતાં GSTR-3Bમાં ૫ લાખ સુધી ITC વધારે ક્લેમ કરેલ હોય તો-
- ઓફિસર રિસીવરને કેશે કે તે સપ્લાયર પાસેથી સેલ્ફ સર્ટિફિકેટ રજૂ કરે જેમાં તે મેન્સન કરે છે તેને ખરેખર માલ કે સેવાની સપ્લાય કરી છે કે કેમ અને તેનો ટેક્ષ GSTR -3B દ્વારા ભરાય ગયેલ છે કે કેમ.

આ ગાઈડલાઇન જે સરક્યુલર નંબર ૧૮૩/૧૫/૨૦૨૨ Date ૨૭/૧૨/૨૦૨૨ છે તે ૦૧/૦૭/૨૦૧૭ થી ૦૮/૧૦/૨૦૧૯ ના ટેક્ષ પિરિયડમાં લાગુ પડશે.




**સરક્યુલર નંબર ૧૯૩/૦૫/૨૦૨૩**

આપણે જોયું તે મુજબ સરક્યુલર નંબર ૧૮૩ /૧૫ /૨૦૨૨ ૦૮/૧૦/૨૦૧૯ સુધી ના ટેક્ષ પીરીયડ માટે જ લાગુ પડે છે પરંતુ ત્યાર પછીના ટેક્ષ પીરીયડમાં Rule ૩૬(૪) અંતરગત GSTR-2A કરતા વધારે ITC ક્લેમ કરવાની છુટ આપવામાં આવી હતી. તેથી ૦૯-૧૦-૨૦૧૯ થી GSTR-2A અને GSTR -3Bમાં ITC તફાવત નો પ્રશ્ન આવે તો શું કરવું તે પ્રશ્ન વેપારી દ્વારા ખાસ કરવામાં આવતો હતો તેથી તેના સમાધાન માટે સરક્યુલર નંબર ૧૯૩/૦૫/૨૦૨૩ જાહેર કરવામાં આવ્યો છે.

તારીખ ૦૯/૧૦/૨૦૧૯ થી Rule-૩૬(૪) આવ્યો હતો જે મુજબ GSTR-2Aમાં જે ITC અવેલેબલ હોય તેના કરતાં વધારે ITC ક્લેમ કરી શકાય.

૦૯/૧૦/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯ સુધી GSTR-2A માં જે ITC અવેલેબલ હોય તેના કરતાં ૨૦% વધારે ITC ક્લેમ કરી શકાય.

૦૧/૦૧/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૦ સુધી GSTR-2Aમાં જે ITC અવેલેબલ હોય તેના કરતાં ૧૦% ITC વધારે ક્લેમ કરી શકાય છે.

૦૧/૦૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ સુધી GSTR-2A માં જે ITC અવેલેબલ હોય તેના કરતાં ૫% વધારે ITC ક્લેમ કરી શકાય છે.

તારીખ ૦૯/૧૦/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૨૧ સુધી જેટલી વધારે **ઈઝઈ ક્લેમ કરી શકી છી તેના કરતાં વધારે જો ITC ક્લેમ કરી હશે તો તે માન્ય ગણાશે નહીં.

તારીખ ૦૯/૧૦/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં ૨૦%, ૧૦%, કે ૫% જે વધારે ITC ક્લેમ કરવાની લિમિટ છે તેટલી ITC માટે આપણે પેલા જે જોયું સરક્યુલર નંબર ૧૮૩/૨૦૨૨ માં જે રીતે C.A. અથવા C.M.A. અથવા સેલ્ફ સર્ટિફિકેટ મુજબ ITC માન્ય ગણાશે.

તારીખ ૦૯/૧૦/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં ૨૦%, ૧૦%, કે ૫% જે વધારે ITC ક્લેમ કરવાની લિમિટ છે તેના કરતા વધારે ITC ક્લેમ કરેલ હશે તો તે માન્ય ગણાશે નહિ.

**ઉદાહરણ**

GSTR-2A મુજબ ITC અવેલેબલ હોઇ તે ૩૦૦૦૦૦ છે.

GSTR-3Bમાં ITC ક્લેમ કરેલ છે તે ૫૦૦૦૦૦ છે.

ધારો કે ઉદાહરણમાં ITC ક્લેમનો પિરિયડ ૦૯/૧૦/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯ નો છે તો આ સમય દરમિયાન ૨અ કરતાં ૨૦% વધારે ITC ક્લેમ કરી શકતા હતા.

તેથી ૩૦૦૦૦૦ ના ૨૦% = ૬૦૦૦૦

તેથી GSTR-3B ૩૦૦૦૦૦+૬૦૦૦૦=૩૬૦૦૦૦ સુધીનું ITC માન્ય ગણાય પરંતુ જે વધારે ૬૦૦૦૦ ક્લેમ કરેલ છે તેના માટે સરક્યુલર નંબર ૧૮૩ મુજબ C.A. અથવા C.M.A. અથવા સેલ્ફ સર્ટિફિકેટની પ્રોવિઝનને અનુસરવાની રહેશે.

Rule-૩૬(૪) મુજબ માન્ય ITC ૩૬૦૦૦૦ છે GSTR-3Bમાં ITC ક્લેમ કરેલ છે તે ૫૦૦૦૦૦ છે તો વધારાની ૧૪૦૦૦૦ (૫૦૦૦૦૦-૩૬૦૦૦૦) માન્ય ગણાશે નહીં વેપારી સરક્યુલર ૧૮૩ મુજબ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવે તો પણ.

**(લેખક સુરેન્દ્રનગર ખાતે ડાયરેક્ટ તથા ઇંડાયરેક્ટ ટેક્સ ઉપર પ્રેક્ટિસ કરે છે અને તેઓ ટેક્સ ટુડેના નિયમિત લેખક છે.)**

## કરદાતાઓ માટે માઠા સમાચાર...

(અનુસંધાન પાના ૧થી શરૂ...)

કિસ્સા છે જેમાં કરદાતા દ્વારા ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪)ની મુદત પૂર્ણ થયા બાદ માંગવામાં આવેલ છે. આવા તમામ કેસોમાં આ ચુકાદો વિપરીત અસર કરશે. આ ઉપરાંત એવા પણ ઘણા કિસ્સા છે જ્યાં કરદાતાએ જી.એસ.ટી. ડિપાર્ટમેંટની કોઈ 'એમનેસ્ટી સ્કીમ'નો લાભ લઈ આ રિટર્ન ભરેલ છે અને મુદત બાદ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લીધેલ છે. આવા કિસ્સામાં પણ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાબતેના પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે. જી.એસ.ટી. કાયદાની શરૂઆતના ગાળામાં ટેકનિકલ પ્રોબ્લેમને કારણે પણ કરદાતાની ક્રેડિટ લેવાની રહી ગયેલી. આ પ્રકારની ક્રેડિટ માટે પણ આ ચુકાદો મુશ્કેલી ઊભી કરશે. આ ઉપરાંત 'સેસ'ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ સમય બાદ લેવામાં પણ મોટા અને વિકટ પ્રશ્નો ઊભા થશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. **ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## અમદાવાદ ખાતે ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાત દ્વારા સ્ટડી મિટિંગનું આયોજન





તા. ૨૩.૦૮.૨૦૨૩: ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાત દ્વારા અમદાવાદ મેનેજમેંટ એસોસીએશન AMA, અમદાવાદ ખાતે સ્ટડી મિટિંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટડી મિટિંગના કન્વીનર વારીશ ઈશાની, પ્રમુખ કિંજલભાઈ શાહ, મંત્રી નૈતિક શાહ, વક્તાશ્રી સીએ બ્રિજેશભાઈ ઠાકર અને સીએ અમીષ ખંધાર તથા રસ્મિન વાજા દ્વારા સેમિનાર ઉદ્ઘાતીત કરવામાં આવ્યો હતો. વક્તાશ્રી સીએ બ્રિજેશભાઈ ઠાકર દ્વારા પ્રિવેનશન ઓફ મની લોન્ડરિંગ એક્ટ અને કોન્સ્ટિટ્યૂશનલ રાઈટ્સ ઓફ પ્રોફેશનલ અને સીએ અમીષ ખંધારે તથા સીએ રસ્મિન વાજા જીએસટી અન્વયે સમન્સ, સો કોઝ નોટિસ, બોગસ બિલિંગ વિગેરે વિષય પર ઉમદા રસપ્રદ વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ કિંજલભાઈ શાહ, મંત્રી નૈતિક શાહ, ચેરમેન વારીશ ઈશાની, આઈ પીપી પંકજભાઈ શાહ, કારોબારી સભ્યોમાં અમિત સોની, પિનાકીન પટેલ, ગૌરાંગ વ્યાસ, જયદીપ પટેલ, અનિલ ટીમ્બડિયા, વસંત પટેલ, દીપ પરીખ, ઉત્સવ પટેલ, બિન્દેશ શાહ અન્ય એસોસીએશનના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યક્રમને સફળ બનાવેલ.

**અમિત સોની,**
**ટેક્સ ટુડે પ્રતિનિધિ**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

**૨૯.૦૭.૨૦૨૩**

**Goods & Services Tax**

**અમારા અસીલનું જ્યુરીસડીક્શન SGST નડિયાદ છે. તેઓને CGST ડિપાર્ટમેંટ દ્વારા સમન્સ આપવામાં આવેલ હતો. આ સમન્સ બાદ SGST દ્વારા એડવાઈઝરી આપવામાં આવેલ છે. અમારો પ્રશ્ન એ છે કે શું બંને ડિપાર્ટમેંટને સમન્સ અને એડવાઈઝરી ના જવાબ આપવાના રહે કે કોઈ એક ને આપી આ જવાબની વિગત અન્ય ડિપાર્ટમેંટને આપી દઈએ તો ચાલે?– એક ટેક્સ કન્સલ્ટન્ટ, નડિયાદ**

જવાબઃ જી.એસ.ટી. હેઠળ સમન્સ આપવા 'ક્રોસ જ્યુરિસડીક્શન'ની છૂટ આપવામાં આવેલ છે. આમ CGST કે SGST કોઈ પણ કોઈ પણ કરદાતાને સમન્સ આપી શકે છે. હા, બંને ડિપાર્ટમેંટ દ્વારા એક જ બાબત પર પેરેલલ કાર્યવાહી ચાલી શકે નહીં. જ્યાંથી સમન્સ આવેલ હોય તેનો જવાબ આપ્યા અંગેની વિગતો અન્ય ડિપાર્ટમેંટને આપી ત્યાંની કાર્યવાહી અટકાવવા પત્ર લખવો જોઈએ તેવો અમારો મત છે.

**જી.એસ.ટી. નિયમ 86B હેઠળ નિયત વેપારીઓએ ૧% રકમ 'કેશ લેજર'માંથી ભરવાની રહે છે. આ અંગે અમારા નીચે મુજબના પ્રશ્નો છે.**

**a. શું Cess ઉપર પણ આ ૧% ભરવાનો નિયમ લાગુ પડે?**

**b. શું Cess માં વેલ્યૂ એડીશન થતું જ ના હોય તો પણ આ નિયમ લાગુ પડે?**

**c. ૧% રકમની ગણતરી કરવામાં CGST, SGST, IGST અલગ અલગ ગણવાની રહે કે કુલ ૧% ગણવાની રહે? – જિગ્નેશભાઈ દેત્રોજા, ધોરાજી**

જવાબઃ હા, સેસ ઉપર વેલ્યૂ એડીશન થતું હોય તો તેના ઉપર પણ નિયમ 86B લાગુ પડે તેવો અમારો મત છે. માત્ર MRP બેઝ સેસ હોય તો આ 86Bનો નિયમ લાગુ ના પડે તેવો 'પરપઝીવ ઈન્ટરપ્રિટેશન' કરતાં અમારો મત છે. ૧%ની રકમ ગણતરી કરવા CGST-SGST-IGST-CESS અલગ અલગ કરવાની જરૂર રહે નહીં તેવો અમારો મત છે. જો કે આ અંગે હવે જી.એસ.ટી. પોર્ટલમાં ઓટો કલ્ક્યુલેટ શરૂ કરવામાં આવ્યું છે. હવે પોર્ટલ પર શું થાય છે તે પ્રમાણે જ અર્થઘટન કરવું જરૂરી બનશે.

**ઈન્કમ ટેક્સ**

**MACT (મોટર વિહીકલ ક્લેઈમ ટ્રિબ્યુનલ)નું વળતર મળે તે વળતર ફિક્સ ડીપોઝીટમાં રાખવા આદેશ કરવામાં આવતો હોય છે આ ફિક્સ ડિપોઝીટના વ્યાજની આવક ઈન્કમ ટેક્સ હેઠળ કરપાત્ર બને? – CA હર્ષિત મહેતા**

જવાબઃ મોટર વિહીકલ ક્લેઈમ ટ્રિબ્યુનલ દ્વારા એવોર્ડના વ્યાજનો ભાગ એ મૂડી પ્રકારની આવક ગણાય અને તેના ઉપર ટેક્સ લાગે નહીં. આ બાબતે CIT વી. ચિરંજીલાલ મુલતાની મલ રાય બહાદુર (પ્રા.) લિમિટેડ (પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટ)નો આધાર લઈ શકાય. કોઈ કારણોસર (મોટાભાગના કેસોમાં માઈનોર હોય ત્યારે) એવોર્ડની અમુક રકમ ફિક્સ ડિપોઝીટમાં મૂકવાનો આદેશ થયેલ હોય ત્યારે એવોર્ડનું રોકાણ થયેલ ગણાય અને આવી વ્યાજ આવક ઉપર ઈન્કમ ટેક્સ લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ જે માલિકી ધોરણે ધંધો કરે છે તેઓનું ટર્નઓવર નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ તથા ૨૦૨૧–૨૨માં ૧ કરોડથી ઓછું હતું. આ વર્ષોમાં તેઓએ ઈન્કમ ટેક્સનું રિટર્ન કલમ 44AD હેઠળ ભરેલ હતું. હવે નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ માં પણ તેઓનું ટર્નઓવર ૧ કરોડથી ઓછું છે પરંતુ તેઓનો નફો ૪% જેવો જ છે. તો શું તેઓ 44ADના સ્થાને ટર્નઓવર ઓછું દર્શાવે તો ઓડિટ ફરજિયાત બને? તેઓ ITR 3 ભરી શકે? – ગૌરવ પટેલ, એડવોકેટ કપડવંજ**

જવાબઃ હા, જો આપના અસીલની આવક ટેક્સેબલ લિમિટ કરતાં વધુ હોય તો તેઓ ''એલીજીબલ એસેસી'' હોય, આવક નિયત ૮% કે ૬%થી ઓછી બતાવતા હોય ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ઓડિટ કરાવવું આપના અસીલ માટે ફરજિયાત બને તેવો અમારો મત છે.

**અમારા અસીલ ભાગીદારી પેઢી છે. તેઓનું ટર્નઓવર ૧ કરોડથી ઓછું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ તથા ૨૦૨૧–૨૨ માં ઓડિટ કરાવેલ હતું. શું આ ભાગીદારી પેઢી ઓડિટના કરાવ્યા વગર IT રિટર્ન ITR 3 ભરી શકે?– ગૌરવ પટેલ, એડવોકેટ કપડવંજ**

જવાબઃ આપના અસીલ 'એલીજીબલ એસેસી' હોય જો ટર્નઓવરના ૮% (બેન્ક રિસીપ્તના કિસ્સામાં ૬%) નફો (વ્યાજ તથા મહેનતાણું આપ્યા પછી) દર્શાવે તો ઓડિટ કરાવવું જરૂરી રહેતું નથી. અન્યથા આપના અસીલે નીચો નફો દર્શાવવાના કિસ્સામાં ઓડિટ કરાવવું ફરજિયાત બને અને ઓડિટ કરવી જ ITR 3 ભરવું જોઈએ તેવો અમારો મત છે.

**05.08.2023**

**Goods & Services Tax**

**અમારા અસીલ ફલાય એશ બ્રિક્સના ઉત્પાદક છે. તેઓ નોટિફિકેશન ૨/૨૦૨૨ નોટિફિકેશન હેઠળ CGST+SGST 3%+3% ભરે છે. અમારો પ્રશ્ન એ છે કે આ દરો પર વેરો ભરવામાં કંપોઝીશનની સેક્શન 10(2A) જેવી કોઈ ટર્નઓવરની મર્યાદા લાગુ પડે? – મંથન સરવૈયા**

જવાબઃ ના, ફલાય એશ બ્રિક્સના ઉત્પાદકને કંપોઝીશન ૧૦(૨) જેવી કોઈ મર્યાદા લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલને જી.એસ.ટી. હેઠળ GSTR 2A અને GSTR 3Bમાં માંગવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટમાં તફાવત અંગે નોટિસ આપવામાં આવેલ છે. મારો પ્રશ્ન એ છે કે આ તફાવતની રકમ અમો ભરવાં ઈચ્છતા હોય તો આજે ક્રેડિટ લેજર બેલેન્સ દ્વારા ભરી શકીએ કે કેશ લેજર દ્વારા જ ભરવું ફરજિયાત છે? – પિયુષ લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કચ્છ**

જવાબઃ હા, GSTR 3B તથા GSTR 2A માં તફાવતની નોટિસની રકમ ક્રેડિટ લેજરમાંથી ભરી શકાય તેવો અમારો મત છે.

**ઈન્કમ ટેક્સ**

**અમારા અસીલ શેર બજારમાં ફ્યુચર એન્ડ ઓપ્શનમાં ટ્રેડિંગ કરે છે. તેઓનું ટર્નઓવર ૯ કરોડ જેવુ થાય છે. શું ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ તેઓએ ઓડિટ કરાવવાનું રહે? – જગદીશભાઈ વ્યાસ, એડોવકેટ, ડીસા**

જવાબઃ હા, ફ્યુચર અને ઓપ્શન સેગમેન્ટમાં કરવામાં આવતું ટ્રેડિંગએ બિઝનેસ ઈન્કમ ગણાય અને ૧ કરોડથી વધુ ટર્નઓવર હોય તો ઓડિટ કરાવવું ફરજિયાત બને. ''હા, બેંકિંગ રિસીપ્ત હોય ૧ કરોડ ઉપર હોય ૧૦ કરોડ સુધી હોય તો ઓડિટ વગર પણ ભરી શકાય. સાથે સાથે એક મહત્વનો ખુલાસો જરૂરી છે કે, ફ્યુચર એન્ડ ઓપ્શન (F & O)માં ટર્નઓવર ગણવામાં દરેક કોન્ટ્રાક્ટની વ્યક્તિગત M2Mનો સરવાળો કરવાનો રહે તેવો અમારો મત છે.''

**–:: ખાસ નોંધ ::–**

૧. જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો 'ટેક્સ ટુડે'ને નીચે આપેલ ઇ–મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ–મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસમાં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

## જી.એસ.ટી. હેઠળ તપાસની કામગીરી દરમ્યાન કરદાતાની રોકડ જપ્ત કરી શકાય નહીં કેરાલા હાઈકોર્ટ

તા. ૨૦.૦૭.૨૦૨૩: કરદાતાને ત્યાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા જી.એસ.ટી. કાયદાની કલમ ૬૭ હેઠળ તપાસ હાથ ધરવામાં આવે ત્યારે કરદાતાના ચોપડા, અન્ય મુદ્દામાલ સહિત રોકડ પણ જપ્ત કરવામાં આવતી હોવાના કિસ્સા અવારનવાર બહાર આવતા હોય છે. ધન્યા શ્રીકુમારી વિરુદ્ધ સ્ટેટ ટેક્સ ઓફિસર ના કેસમાં કેરાલા હાઈકોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપતા જણાવ્યુ હતું કે કરચોરી પકડવા હાથ ધરવામાં આવેલ તપાસની કામગીરી દરમ્યાન કરદાતાની રોકડ જપ્ત કરી શકાય નહીં. આ રોકડ જ્યારે કરદાતાના સ્ટોકનો ભાગ ના ગણાતી હોય ત્યારે આ પ્રકારની રોકડ રકમની જપ્તી યોગ્ય નથી. કરદાતા ઇડલી–ઢોસાના આથા જેવી ચીજવસ્તુ બનાવવાની પ્રવૃતિમાં સલગ્ન હતા. તેઓના ધંધાના સ્થળે તથા ઘર ઉપર સ્ટેટ ટેક્સ વિભાગ દ્વારા તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તેઓના ચોપડા, અન્ય મુદ્દામાલ ઉપરાંત ૩૨ લાખ ઉપરની રોકડ જપ્ત કરવામાં આવી હતી. આ જપ્તીના આદેશના સામે કરદાતા દ્વારા કેરલા હાઈકોર્ટના દ્વારા ખટખટાવવામાં આવ્યા હતા. કરદાતાની રિટ માન્ય રાખી કેરલા હાઈકોર્ટની બેન્ચ દ્વારા મહત્વનો ચુકાદો આપી ઠરાવવામાં આવ્યું હતું કે જી.એસ.ટી. કાયદાની કલમ ૬૭ હેઠળ કરવામાં આવતી તપાસ દરમ્યાન રોકડ રકમ જપ્ત કરી શકાય નહીં.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

◆ Year: 7 ◆ Issue No.10 ◆ Continue Issue No.82 ◆ Date: 19/08/2023, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.